# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૯૪ — સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૦ ● ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ● પાના : ૩૨ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહારના પ્રાંગણમાં રાષ્ટ્ર વંદનાની ઉત્સાહભેર ઉજવણી



૧૯૪૭, રાત્રીના ૧૨ વાગે ધ્વજભૂમિ ઉપર સ્વાતંત્ર્ય વંદના થઈ હતી, તે ભૂમિ ઉપર સતત ૭૭ મા વર્ષે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાયો.

જાણીતા થિયોસોફીસ્ટ શ્રી પ્રદીપસિંહ ગોહિલની અધ્યક્ષતામાં યોજાયેલ રાષ્ટ્ર વંદના સમારોહ ક્રીડાંગણના તાલીમાર્થીઓની બેન્ડ સલામી સાથે શરૂ થયો. સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે એકસેલ ઈન્ડસ્ટ્રીઝ (મુંબઈ)ના સહયોગથી શરુ થનાર કેર ટેકર તાલીમ વર્ગનું પુસ્તક વિમોચન થયું હતું. આ પ્રસંગે વર્ષ-૧૯૪૦થી કાર્યાન્વિત બહેનો માટે ચાલતા સિવણ તાલીમ વર્ગમાં ઉત્તિર્ણ થઈ સ્વરોજગારી માટે ઉત્સુક બહેનોને સિવણ સંચા અને પરીક્ષાર્થીઓને પ્રમાણપત્ર કીટનું વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી ડૉ.સતિષભાઈ જાની, તથા શ્રી કમલભાઈ મણીયાર, શ્રી મહર્ષિભાઈ મહેતાના વરદ હસ્તે સંસ્થાના કમ્પ્યુટર અને ક્રિડાંગણ તાલીમાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. સવિશેષ મહિલા સશક્તિકરણ માટેના સંસ્થાના સનિષ્ઠ પ્રયત્નોમાં વર્ષ-૧૯૯૮થી સેવા આપી ૧૮૦૦થી વધુ બહેનોને સિવણ તાલીમ આપનાર શ્રી ગુલાબબા ગોહિલનું વિશેષ અભિવાદન સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા થયું.



'વિજય વિશ્વ તિરંગા પ્યારા'...ગાન



કેરટેકર તાલિમનો પ્રારંભ



અભિવાદન : શ્રી ગુલાબબા ગોહિલ



કમ્પ્યુટર તાલિમ પુરસ્કાર



ખરીકમાઈ પુરસ્કાર : સ્કાઉટ



સાધન સહાય


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

✿ પ્રકાશન સ્થળ ✿

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736








સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે નમતી સાંજે ક્રીડાંગણના વિદ્યાર્થીઓએ સંસ્થા રંગમંચ ઉપર દેશભક્તિના ગીતો સાથે વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

શિશુવિહાર સંસ્થાના તાલીમાર્થીઓએ વાલીઓ તથા દર્શકોની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રભક્તિ ઉજાગર કરતા ડાન્સ, ભાતીગળ સમૂહ નૃત્યો, યોગ અને પીરામીડની પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે વાસુકી કરાઓકે, મધુર સ્વર સંગીત, નટરાજ કલા સંસ્થા, કાદરભાઈ શેખ સંગીત ગૃપ અને મ્યુઝિક્સ મસ્તી ઓરકેસ્ટ્રાના કલાકારોએ પોતાની કલાકૃતિ પ્રસ્તુત કરી હતી. મોડી સાંજે ભોજન બાદ સંપન્ન થયેલ રાષ્ટ્રીય વંદના કાર્યક્રમમાં ૧૧૦૦ થી વધુ નાગરિકોએ હાજર રહી 'હર ઘર તિરંગા'ની ભાવના સાર્થક કરી હતી. સમગ્ર કાર્યક્રમને પ્રેરિત કરનાર શ્રી હરેશભાઈ ભટ્ટ, કમલેશભાઈ વેગડ, અનિલભાઈ બોરીચા, રાજુભાઈ મકવાણા, હિનાબેન ભટ્ટ તથા શિશુવિહાર ટીમને અભિનંદન.



## શ્રી મોંઘીબેન બધેકા બાલમંદિર



માસ દરમિયાન બાલમંદિરમાં સરેરાશ ૯૦ બાળકોની હાજરી રહી હતી. ઓગસ્ટ માસ દરમ્યાન બાળકોને શ્રમયજ્ઞ, શાંત રમત, સૂર્ય નમસ્કાર પ્રકારની પ્રવૃત્તિઓ સાથે સાંકળવામાં આવ્યા હતા. બાળવયથી તાલિમાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમ્યાન દ્રષ્ટિભ્રમ, ધ્વનિ પ્રસારણ, જુવારા ઉગાડવા પ્રકારે પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવેલ. બાળ શિક્ષણનાં જીવનલક્ષી હેતુને પ્રાધાન્ય આપતા જીવન શિક્ષણની વિવિધ પ્રવૃત્તિ પણ કરાવવામાં આવેલ.

દાતાશ્રી રંજનબેન જોષી તથા બીપીનભાઈ વોરા દ્વારા ભોજન તેમજ ૬ દાતાશ્રીઓ દ્વારા કાયમી નાસ્તા તિથિ પ્રસંગે પોષક નાસ્તો આપવામાં આવેલ. બે બાળકોનો જન્મ દિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ. ૮૦ માં અનુભવ તાલિમ વર્ગમાં ૪ તાલિમાર્થીઓને શ્રી પ્રીતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ પશ્ચિમના બાળ કેળવણીકારો અને મોન્ટેસરી પદ્ધતિ વિષયે તાલિમ આપવામાં આવેલ. સર્જનશીલ પ્રવૃત્તિ કરાવવા પાન અને મીણકામ તેમજ અગરબત્તીથી કાગળમાં કાણા પાડવાની તાલિમ અપાઈ હતી. શ્રાવણ માસ દરમ્યાન સાંપ્રદાયિક સૌહાર્દ સ્વરૂપે રક્ષાબંધન તેમજ ભાવનગરથી ૩૮ કિલોમીટર દૂર શિહોરની ડુંગરમાળામાં આવેલ ગૌતમેશ્વર મંદિરે સંસ્થાની બસમાં બાળકોને લઈ જવામાં આવેલ. પ્રવાસમાં સહભાગી ૫૦ બાળકો, શિક્ષકો અને વાલીઓને સ્વામીશ્રી સ્વરૂપાનંદજી મહારાજ દ્વારા પ્રસાદ ભોજન પીરસવામાં આવેલ.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

● જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન વિતરણ કરવાનો ૯૯મો કાર્યક્રમ ૬ ઓગસ્ટે સંસ્થા પ્રાંગણમાં યોજાયો. શ્રી પ્રમોદભાઈ વોરા પ્રેરિત પ્રવૃત્તિ થકી ૨૫ ગરીબ વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવી. આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ શ્રી દિલીપભાઈ કામાણીની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી.



● નટરાજ કલા સંસ્થાના ઉપક્રમે પાર્શ્વ ગાયક મુકેશજીની ૧૦૧મી જન્મ - જયંતિના ઉપક્રમે 'એક શામ આપ કે સાથ' કાર્યક્રમ યોજાયો. ૬ ઓગસ્ટે સંસ્થાના રંગમંચ ઉપર પ્રસ્તુત થયેલ કાર્યક્રમમાં કલા સંસ્થાના વરિષ્ઠ ગાયક દિલીપભાઈ ભટ્ટનો સંગીતમય શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વરસાદી માહોલ છતાં પણ ૩૦૦થી વધુ શ્રોતાજનોએ કાર્યક્રમ માણ્યો હતો.




● પ્રા. ડૉ.છાયાબેન પારેખ સંયોજિત જીવન પ્રેરક વાંચન અભિયાન કાર્યક્રમનો પ્રારંભ થયો. ૧૯ ઓગસ્ટે સંસ્થામાં યોજાયેલ એક દિવસીય પરિસંવાદમાં શહેરની ૨૩ શાળાના ૩૭ શિક્ષકોએ ભાગ લીધો હતો. જીવનલક્ષી વાંચનને શિક્ષકો આત્મસાત કરે અને વિદ્યાર્થીઓ સુધી વાંચન વિચારને વિસ્તારે તે દિશાના પ્રયત્નોમાં સહભાગી સંસ્થાઓને ૫૦ પુસ્તકોનો સેટ ભેટ આપવામાં આવેલ ઓએસિસ પ્રેરિત વાંચન વર્ષ કાર્યક્રમનું સંકલન ડૉ.માયાબેન સોની દ્વારા થયું હતું.





● સુર સંગમના ઉપક્રમે ૭૩મો સપ્તસુરી સંધ્યા કાર્યક્રમ તારીખ ૨૦એ રંગમંચ ઉપર પ્રસ્તુત થયો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન તળે રજૂ થયેલ હિન્દી ફિલ્મોના ગીતોને માણવા ૩૫૦ થી વધુ શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા.






● નિરમા ઉદ્યોગ આસપાસના ૧૦ ગામડાંઓની આંગણવાડીમાં તાલીમ લેતાં ૪૦૦ બાળકોને પોષક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન ઉપરાંત હૈદરાબાદ મિક્ષ્ચર આપવાની પ્રવૃત્તિ પહેલી સપ્ટેમ્બરથી પ્રારંભ થયો છે. શિશુવિહાર સંસ્થાનાં છેલ્લા ૮ વર્ષના અનુભવના આધારે અતિ કુપોષિત બાળકોની આરોગ્ય તપાસ બાદ પસંદ કરાયેલ ૨૫૮ બાળકોને વર્ષ દરમિયાન આપનાર ૨૦૦ ખોરાક થકી ૭૦ થી ૭૫ ટકા બાળકો અતિ કુપોષિતમાંથી પોષિત સ્તરે પહોંચી જશે તેવી યોજના પણ વિચારી છે. ગરીબી વશાત્ ગ્રામ બાળકોનાં સ્વાસ્થ્ય ઉપર ઉભી થતી માઠી અસરને દૂર કરવા નિરમા ઉદ્યોગ તથા શિશુવિહાર સંસ્થાનો પ્રયત્ન પ્રશંસનીય રહે છ. સંકલિત મહિલા અને બાળ વિકાસ વિભાગ

ભાવનગર તાલુકાનાં સીડીપીઓ શ્રી હર્ષિદાબેન જાની તેમજ બ્લોક કોર્ડીનેટર શ્રી વિકાસભાઈ શુકલની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૨૪મીએ યોજાયેલ બેઠક થકી સમગ્ર પ્રવૃત્તિનો પરિચય આપવામાં આવેલ.




● શિશુવિહાર સંસ્થામાં તા.૨૦ ઓગસ્ટ રવિવારથી બાલકૃષ્ણ ભગવાનના વાઘા-આભૂષણ ગાદી તકિયા પિછવાઈનું પ્રદર્શન યોજાઈ ગયું. શ્રી ઈન્દાબેન ભટ્ટના માર્ગદર્શનમાં પવિત્ર શ્રાવણ માસે તૈયાર થયેલ વાઘા જોવા ખરીદવા વૈષ્ણવો પધાર્યા હતા.

● કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ દ્વારા ચાલતા વેબીનારમાં શિશુવિહાર સંસ્થાનો પરિચય ડૉ.નાનકભાઈ ભટ્ટ દ્વારા પ્રસ્તુત થયો. ફાઉન્ડેશન સાથે જોડાયેલ ૪ લાખથી વધુ દર્શકો માટેના વેબીનારમાં તારીખ ૨૬ એ જોડાઈને શિશુવિહાર સંસ્થાની સ્થાપના વિકાસ અને ઉપલબ્ધિઓથી






શ્રોતાઓને માહિતગાર કરવામાં આવેલ. રાજકોટથી આયોજીત ૪૦ મિનીટના ઈન્ટરવ્યુનું સંકલન શ્રી કરણસિંહ ડોડીયાએ કર્યું હતું.


● ભારત સરકારના Center of recultural Resources and Training, Delhi દ્વારા આર્ટ, ક્રાફ્ટ અને સાહિત્યમાં પરીક્ષા લઈને ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ પૈકી ૬૦૦ વિદ્યાર્થીને Cultural Talent Search Scholership Scheam અંતર્ગત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં વર્ષ-૨૦૨૨-૨૩ માટે વિઝ્યુઅલ આર્ટ્સ કેટેગરીમાં ક્રાફ્ટ માટે શિશુવિહાર સંસ્થાના કાર્યકર ડૉ.નેહલભાઈ ત્રિવેદીના સુપુત્ર યુગ્મ ત્રિવેદીની પસંદગી થઈ છે. અભિનંદન





● સંસ્કાર ભારતી તથા શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે પવિત્ર શ્રાવણ માસ પ્રસંગે ઈકો ફ્રેન્ડલી ગણેશ તથા બહેનોના હાથે ભાઈઓ માટેની કલાત્મક રાખડી બનાવવાની તાલીમ યોજવામાં આવેલ. તા.૨૭ ઓગસ્ટ રવિવારના રોજ સંસ્થા પ્રાંગણમાં સ્વ.શ્રી અંજન ભરતભાઈ પંડ્યાની પૂણ્ય સ્મૃતિમાં સતત ૧૯માં વર્ષે યોજાયેલ કાર્યક્રમમાં ૧૨૦ બાળકો તથા વાલીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંકલન શ્રી નિતીનભાઈ દવે, ડૉ.અશોકભાઈ પટેલ, શ્રી રમેશભાઈ ગોહિલ દ્વારા થયું હતું. આ પ્રસંગે સંસ્કાર ભારતીના અધ્યક્ષ




શિશુવિહાર બાળપુસ્તકાલયના ઉપક્રમે પ્રાકૃતિક આરોગ્ય વિષયે યોજાયેલ ચિત્ર આલેખન બાદ તૈયાર થયેલો શૈક્ષણિક સત્ર-૨૦૨૩-૨૪નું બાળ ચિત્ર કેલેન્ડરને પૂ.મોરિરાબાપુના આશિર્વાદ સાંપડ્યા છે. બાળકો અને ચિત્ર શિક્ષકોના પ્રયત્નોથી સતત નવમા વર્ષે પ્રકાશિત થતું કેલેન્ડર સમગ્ર ગુજરાતમાં સરાહનીય બને છે.



## આરોગ્ય

# ૪૬૮ તથા ૪૬૯મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ



સ્વ. શ્રી સુરેશભાઈ બુચની સ્મૃતિમાં ૪૬૮ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો. તેમજ સ્વ ડૉ. દિનકરરાય ભટ્ટ તથા સ્વ.હસુમતિબહેન ભટ્ટના સ્મરણાર્થે ડૉ .શ્રી પ્રકાશભાઈ ભટ્ટ , શ્રી મંદાબહેન તથા શ્રી શરદભાઈની ઉપસ્થિતિમાં ૪૬૯મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ.૨૫ ઓગસ્ટનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૭૭ દર્દીઓની આંખ તપાસ ડૉ. શ્રી.દેવભાઈ સોનીની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૨૬ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૯ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. સંસ્થાકીય આરોગ્ય પ્રવત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણા અને પારીખ ફાઉન્ડેશન દ્વારા મળેલ બસમાં દર્દીઓને વિરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઈ વેગડ અને શિવભદ્રસિંહ રાણાની સેવા નોંધનીય રહી હતી.

## કાંઠા વિસ્તારના ગામડાઓ માટે આરોગ્ય શિબિર




● શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમીટેડના સૌજન્યથી તા.૨૨ ઓગષ્ટ-૨૦૨૩ ના રોજ ભાલ વિસ્તારના ગણેશગઢમાં આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૨૪૩ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે વાઘબકરી ટી પ્રોસેસિંગ યુનિટ દ્વારા અપાયેલ મેડીકલ વેનના વિશેષ ઉપયોગથી બાળકોનાં લોહીમાં






હીમોગ્લોબીલન તપાસ કરી જરૂરીયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ બાળ પુસ્તકો તથા બાળ આરોગ્ય સુત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. કાર્યક્રમમાં આરોગ્ય ટિમના ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી અંકિતાબેન ભટ્ટ, શ્રી રેખાબેન ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ, તથા નિરમા લિમીટેડ એડમીન ડિપાર્ટમેટના શ્રી મેહુલભાઈ ભટ્ટ તથા ગામના સરપંચ નાથાભાઈ તથા આચાર્ય શ્રી હિરણભાઈએ ઉપસ્થિત રહી સેવા આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.



## નિરમા લિમિટેડના સૌજન્યથી હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો




શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી ગત જુલાઈથી ડિસેમ્બર માસ ૨૦૨૩ દરમિયાન ભાવનગરના કાંઠા વિસ્તારના ભાલ પંથકનાં ગામોની શાળાઓમો બાળકોની લોહીમાં હીમોગ્લોબીન તપાસ કરી દવા વિતરણ કાર્યક્રમ કરવામાં આવેલ. શાળા પરિસરમાં યોજેલ આરોગ્ય શિબિર દરમિયાન ૧૦% થી ઓછું હિમોગ્લોબિન ધરાવતા બાળકો માટે રી-ચેકઅપ કેમ્પ તા. ૨૯ ઓગસ્ટના યોજાઈ ગયો. માઢિયા , સવાઈનગર, કાળા તળાવ તથા નર્મદની શાળાનાં બાળકો માટેના કાર્યક્રમમાં જરૂરિયાત ધરાવતા ૨૯ વિદ્યાર્થીને શિક્ષકોની હાજરીમાં માર્ગદર્શન સાથે દવા આપવામાં આવી હતી. નિરમા ઉદ્યોગ દ્વારા વિદ્યાર્થીઓની વિશેષ કાળજી માટે યોજાયેલ ફોલોઅપ શિબિર થકી જાણવા મળ્યું કે બાળકોના હિમોગ્લોબિનમાં ૭૫% જેટલો સુધાર નોંધનીય રહ્યો છે.

આ કાર્યક્રમ શિશુવિહારના ટેકિનશિયન. શ્રી રેખાબહેન ભટ્ટ તથા નિરમા લિમિટેડના આસીસ્ટન્ટ શ્રી પ્રણવભાઈ ભટ્ટ તેમજ શાળાના આચાર્યશ્રી યુવરાજસિંહ, શ્રી શક્તિસિંહ, શ્રી મહેન્દ્રસિંહ તથા શ્રી વિક્રમસિંહની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

## વાઘબકરી ફાઉન્ડેશનના સૌજન્યથી શાળામાં આરોગ્ય તપાસ

| શિબિર ક્રમાંક | ઓગસ્ટ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબીન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૦૭ | ૫-રાણીકા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૧ | ૦૯ | ૨૫-ક્રેસંટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૨ | ૨૪ | ૨૪-સુભાષનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | કુલ-૩૬૦ | ૧૨૦ | ૧૨૦ | ૧૨૦ |



## વાઘબકરી ફાઉન્ડેશનના સૌજન્યથી શાળામાં આપત્તિ નિવારણ

| શિબિર ક્રમાંક | ઓગસ્ટ તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૪ | ૨૪ | શ્રી સ્વામી વિવેકાનંદ શાળા | ૧૫૦ |
| ૫ | ૨૬ | શ્રી ગોધા ઇંગ્લીશ સ્કૂલ | ૨૦૦ |
| ૬ | ૨૮ | શ્રી ગોધા ઇંગ્લીશ સ્કૂલ | ૨૦૦ |
| | | કુલ | ૫૫૦ |



# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ




● ઓગસ્ટ માસમાં સાંજનાં ૫-૩૦ થી ૭-૩૦ દરમિયાન ક્રિડાંગણમાં નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર સમૂહ રમત વોલીબોલ, રીલે-રેસ, પાસિંગ બોલ પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી. તાલીમાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, ગીતો ગાયાં. આ સમયે તાલીમાર્થી ખુશભાઈ, રામભાઈ, જયપાલભાઈનો જન્મ દિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સ્વ.ચંદ્રાબહેન મોદીનાં સ્મરણાર્થે હ.કમલેશભાઈ મોદી, શ્રી ઈલાબહેન કલ્યાણી, સ્વ.કલાવતીબહેન કવિ, (શ્રી ગરીમાબહેન) તથા શ્રી હિનાબહેન મિતેશભાઈ ભટ્ટ ઉપરાંત શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે શ્રી નિર્મોહીબેન નાનકભાઈ ભટ્ટ તરફથી તાલિમાર્થીઓ અને સ્ટાફને ફરાળી નાસ્તો આપવામાં આવેલ. સંસ્થા પરિસરમાં ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ક્રિડાંગણના તાલીમાર્થીઓ દ્વારા માર્ચ પાસ્ટ અને બેન્ડ સલામી સાથે ત્રિરંગાને સલામી આપવામાં હતી. આ કાર્યક્રમમાં સ્કાઉટ તાલીમાર્થીઓને ખરીકમાઈ પુરસ્કાર વિતરણ ઉપરાંત કોમ્પ્યુટર તાલીમમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓનેપ્રમાણપત્ર

આપવામાં આવેલ. રાષ્ટ્રીય વંદના કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ આકર્ષક રહી હતી.

- માસ દરમિયાન ઓએસિસ આયોજીત જીવન પ્રેરક વાંચન અભિયાન 'શક્તિ' નામના પુસ્તક આધારે તાલીમાર્થીઓનો વાર્તાકથન કાર્યક્રમ યોજાયો. જેમાં ૪૦ સ્કાઉટ ઉત્સાહભેર ભાગ લઇ પોતાના વિચારો રજુ કર્યા હતા. સંસ્કાર ભારતી સંસ્થાના ઉપક્રમે પવિત્ર શ્રાવણ માસ પ્રસંગે ઈકો ફ્રેન્ડલી ગણેશ તેમજ રાખડી બનાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૦ સ્કાઉટે તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. વર્ષ-૨૦૨૩-૨૪ દરમિયાન રાજ્ય પુરસ્કારની તૈયારી કરતા તાલીમાર્થીનો કુકીંગ ટેસ્ટ કાર્યક્રમ યોજાયો. જેમાં શિશુવિહાર સ્કાઉટ ઓપન ટ્રુપના ૬ તાલીમાર્થીઓ જોડાયા હતા.

### વયસ્કો માટે ૩૪૨ મી દષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ઓગસ્ટ માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબેન ભટ્ટ Refractometer દ્વારા ૪૭ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. **- સંચાલકઃ શ્રી કમલેશભાઇ વેગડ**

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

ઓગસ્ટ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૪૭૫ દદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાંત ડોકટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવેલ.-

**સંચાલકઃ ડો.અરવિંદભાઇ ત્રિવેદી**

### ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ તથા સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબેન હરિયાણીના કન્સ્ટલ્ટેશન હેઠળ ઓગસ્ટ માસમાં ૨૬૫ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૪ ભાઈઓ આવ્યા હતા. **- સંચાલકઃ શ્રી નિશાબેન બારૈયા**



### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવધક ઔષધિ પરબમાં સાંજનાં ૫-૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૪૦૦ નાગરિકોએ લીધેલો. **- સંચાલકઃ શ્રી નરસિંહભાઇ મકવાણા**

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬-૩૦ દરમિયાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ઓગસ્ટ માસમાં ક્રમાંક ૧૭૭ -૧૭૮ અંતર્ગત વિદ્યાર્થીઓને રાખડી તેમજ માટીના ગણેશ તૈયાર કરવાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૪૫ સ્કાઉટે ભાગ લીધો હતો. **- સંચાલકઃ શ્રી પ્રિતીબેન ભટ્ટ**

## સંસ્કાર, સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય શિશુવિહાર

ઓગસ્ટ માસમાં ૩૦ વાચક સભ્યોએ ૫૫ પુસ્તકો વાચ્યાં હતાં. સંસ્થામાં પુસ્તકાલયમાં ૧૦૦ પુસ્તકો ભેટ સ્વરૂપે મળેલ છે જેનો સાભાર સ્વીકાર છે.

**- સંચાલકઃ શ્રી મંગળસિંહ પરમાર**

### બાલદેવ વન:

ઓગસ્ટ માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કેર પ્રેરિત નોલેજ પાર્કમાં ૨૩૫ બાળકો પોતાની વાલી સાથે રમવા આવ્યા હતા. શ્રી વિનય વિહાર કેળવણી મંડળના ૩૫ બાળકો, શૈશવ સંસ્થાના ૨૦૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતા તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સુત્ર પુસ્તિક ભેટ આપવામાં આવેલ. **- સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

### જ્યોતિ મહિલા સિવણ તાલીમ:

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

ઓગસ્ટ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૦ રહી હતી. આ માસમાં પાંચ બહેનોને સિવણ કીટ તેમજ બે બહેનોને સિલાઈના મશીન આપવામાં આવેલ. **- સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ**

## તાલીમ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ ઓગસ્ટે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યાનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાયકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી. **- સંચાલકઃ પરેશભાઇ પાઠક**

## માંદગી સાધનસહાય :

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. ઓગસ્ટ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૬ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી ફાલ્ગુનીબેન રમેશચંદ્ર દેસાઇ તરફથી એલ્યુ. સ્ટીક-૧, ફીક્સ વોકર-૧, ફોલ્ડીંગ ચેર ભેટ મળેલ છે. **- સંચાલકઃ અનિલભાઇ જોશી**

## સંગીત વર્ગ :

ઓગસ્ટ માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ. **- સંચાલકઃ શ્રી દેવુભાઇ મહેતા**

## દિવ્ય જીવન :

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના સભાના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

**- સંચાલકઃ શ્રી ઇન્દાબહેન ભટ્ટ**



## સ્વરોજગાર :

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતગત ૪ શ્રમિક બહેનો દ્વારા ઓગસ્ટ માસમાં કાપડની ૧૫૩૦ થેલી તૈયાર થતાં રૂ.૬,૧૨૦ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં રૂા. ૯૦,૪૦૫ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

**- સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**



## પ્રચાર પ્રસાર



### ઓગસ્ટ માસમાં પંચવર્ષીય લવાજમ રૂા.૨૫૦/- ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી ભુપતભાઈ આર.મણીયાર – અમદાવાદ, શ્રી સ્ત્રી અધ્યાપન મંદિર - અનેરી – વિશ્વ મંગલમ

## અખબાર તથા ટેલિવિઝનમાં શિશુવિહાર

રાજ્યના વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની જુલાઇ માસમાં ૧૪૦ પ્રેસનોટ પ્રકાશિત થઇ હતી. તથા ૫ ઇલેક્ટ્રોનિક મિડીયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓગસ્ટે માસમાં સંસ્થાના ફેસબુકના followers ની ૪.૯ K સંખ્યા અને followers ઈન્સ્ટાગ્રામના ૫૭૪ રહી હતી.

**- સંચાલક : અનિલભાઇ બોરીચા**

## • સદભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

**• સદભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| ૨૦,૦૦૦/- | વિનોદભાઈપટેલ | નેત્રયજ્ઞ સહાય |
| ૨૦,૦૦૦/- | શુભાંગી ઈન્વેસ્ટમેન્ટ | નેત્રયજ્ઞ સહાય |
| ૫,૦૦૦/- | સુધાબેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાણસણી સહાય |
| ૫,૦૦૦/- | મગનભાઈ પટેલ | શૈક્ષણિક સહાય |
| ૩,૫૦૦/- | ઈન્દિરાબેન ભટ્ટ | મહિલા ઉત્કર્ષ |
| ૩,૦૦૦/- | નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| ૧,૦૦૦/- | જયંતભાઈ ભટ્ટ | બાલદેવવન |

## મનોરંજન :

બાલમંદિર અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ પોશાક સંસ્થાના મનોરંજન વિભાગમાંથી સાંજના ૪-૩૦ થી ૭-૩૦ દરમિયાન મળી શકે છે. ઓગસ્ટ માસ દરમિયાન ૭ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

**- સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

## બુધસભા:

૧૯૮૦થી અવિરતપણે ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૪૬મી બેઠક ડૉ.માનસીબેન ત્રિવેદીના સંચાલન હેઠળ યોજાઇ જેમાં કવિશ્રી સુનિલભાઇ પરમાર દ્વારા કવિશ્રી રૂપકુમારની રચનાનો આસ્વાદ કરાવવામાં આવ્યો. પાન, પિકચર અને ગઝલ ત્રણેયનો સમન્વય કરી રૂપકુમારના આલેખનને આબોહુબા કરાયું. ઓગષ્ટ માસની બીજી સભામાં કવયિત્રી શ્રી અંજનાબેન ગોસ્વામીના સંચાલનમાં અવસર અભિવ્યક્તિ અંતર્ગત




ચ્હા, ચાહત અને મિત્રના વિષય પરની રચનાઓ યુવા કવિઓએ ઉત્સાહભેર રજુ કરી કાર્યક્રમ દરમિયાન શિશુવિહાર બુધસભા તરફથી મળેલ ‘‘ચા’’ની લિજ્જત પણ માણી. આમ, આજની સાંજ યાદગાર સાંજ બની ગઈ.૧૬ ઓગસ્ટની બેઠક કવયિત્રી જિજ્ઞાબહેન ત્રિવેદીના સંચાલનમાં યોજાઇ હતી. કાવ્ય પઠન ઉપરાંત સર્જનની પૂર્વ ક્ષણો અંતર્ગત કવયિત્રી અંજનાબેન ગોસ્વામી સાથે પ્રશ્નોતરીરૂપે સંવાદ યોજાયો હતો. કાવ્ય સર્જન પહેલા તથા કાવ્ય પ્રક્રિયાના અનુભવો વિષયે કવયિત્રીએ રસપ્રદ વાતો કરી હતી. આજના આ વિશેષ ઉપક્રમમાં કવિઓ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. માસના ચોથા બુધવારે શ્રી લાલજીભાઇ બાંભણીયાના સંચાલન હેઠળ બુધસભા મળી જેમાં ૨૫ જેટલા કવિ મિત્રો હાજર રહ્યા હતા. કવિ વિશેષ ઉપક્રમની રજૂઆત શ્રી ધ્રુવભાઈ દેસાઈએ રસાળ શૈલીમાં વાત કરી. બુધસભાની ૨૨૫૦મી બેઠક મુશાયરારૂપે દર્શના રાવલના સંચાલન હેઠળ મળી હતી. જેમાં સિનીયર સિટીઝન કવિ ઉપરાંત ૨૭ કવિ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. મુશાયરો રસસભર રહ્યો હતો. આમ, માસના પાંચ બુધવાર બેઠકમાં કુલ ૧૫૭ રચનચાઓ પ્રસ્તુત થઈ હતી.

**- સંચાલકઃ શ્રી દિપાબહેન જોષી**



**● પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત ઓગષ્ટ માસમાં ૩૪ આંગવાડીના ૫૬૯ બાળકોએ શિશુવિહાર કેન્દ્રમાં આવી જીવન શિક્ષણ તાલિમ મેળવેલ. બાળકોની સંકલિત વિગત**

● ઓગષ્ટ માસમાં તાલીમ ક્રમ ૪૨ થી ૫૭ અંતર્ગત શહેર ઘટક-૧ના આંગણવાડી તાલિમની સંકલિત વિગત

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા | વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| સુભાષનગર | ૯૧, ૯૪ | ૩૬ | સુભાષનગર | ૧૦૪, ૧૭૩ | ૩૫ |
| સુભાષનગર | ૮૮, ૯૦ | ૩૭ | સુભાષનગર | ૧૭૨,૯૫,૯૬ | ૪૮ |
| સુભાષનગર | ૧૦૦, ૧૦૧ | ૨૯ | સુભાષનગર | ૮૩, ૮૪ | ૩૫ |
| સુભાષનગર | ૮૯, ૯૭ | ૪૦ | સુભાષનગર | ૧૬૫, ૧૬૬ | ૩૦ |
| સુભાષનગર | ૮૨, ૧૦૫ | ૩૮ | સુભાષનગર | ૧૬૧, ૧૬૩ | ૩૬ |
| સુભાષનગર | ૭૯, ૮૦ | ૩૫ | સુભાષનગર | ૧૬૨, ૧૬૪ | ૨૯ |
| સુભાષનગર | ૮૧, ૮૫ | ૪૦ | સુભાષનગર | ૧૦૮, ૧૬૭ | ૨૫ |
| સુભાષનગર | ૮૬, ૯૯ | ૩૫ | ભરતનગર | ૧૩૭,૧૩૫,૧૫૨ | ૪૧ |
| | | | કુલ | | ૫૬૯ |

**વિશેષ ઉપસ્થિતિ :**

**સંકલિત મહિલા અને બાળવિકાસ વિભાગ ભાવનગર તાલુકાના સી.ડી.પી.ઓ. શ્રી હર્ષિદાબેન જાની તેમજ બ્લોક કોર્ડીનેટર શ્રી વિકાસભાઇ શુકલ પધાર્યા હતા.**

**એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ તાલિમમાં શહેરની ૧૧૮ આંગણવાડીના ૧૮૬૧ બાળકોએ જીવન શિક્ષણ તાલીમ લીધી છે. જે નોંધનીય બને છે.**







## શુભેચ્છકો લખે છે

- **શ્રી એન. વી. ઉપાધ્યાય (IAS) કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા**

●વર્ષ ૧૯૩૯ થી સ્થાપિત અને ૮૪ વર્ષથી સતત શિક્ષણ અને સેવા ક્ષેત્રે માત્ર લોક સહયોગથી અવિરતપણે કાર્ય કરી રહેલ 'શિશુવિહાર' સંસ્થાએ વર્ષ-૨૦૨૨-૨૩ માં કરેલ કામગીરી અંગેનો અહેવાલ વાંચી ખરેખર હર્ષની લાગણી અનુભવુ છું. આપની સંસ્થા દ્વારા શહેરની અને દેશની વિવિધ સંસ્થાઓના સહયોગથી ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આરોગ્ય શિબિર, આપત્તિ નિવારણ તાલીમ તેમજ શૈક્ષણિક સાધન સહાય જેવી કુલ ૧૭૦ શિબિરના માધ્યમથી ૧૮,૮૫૨ વિદ્યાર્થીઓએ લાભ લઈ પાયાની કેળવણી પ્રાપ્ત કરેલ છે, જે ખુબ જ પ્રશંસનીય અને સમાજ હિતનું ઉમદા કાર્ય છે જેને હું હૃદયપૂર્વક બિરદાવું છું. આપ અને આપની સંસ્થા આવાં જ સમાજલક્ષી તેમજ શહેર અને દેશ હિતનાં કાર્યો સતત કરતા રહો તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા અને આભાર સહ....



એન. વી. ઉપાધ્યાય આઈ.એ.એસ.
કમિશનર

ભાવનગર મહાનગરપાલિકા - ભાવનગર
ઈ-મેઈલ : comm-bmc@gujarat.gov.in
ફોન નં. : (0278) 2510532 / 2439900
ફેક્સ : 2428628 ઘર : 2518141

તા. ૧૮.૦૮.૨૦૨૩

-:: પ્રશંસાપત્ર::-

વર્ષ ૧૯૩૯ થી સ્થાપિત અને ૮૪ વર્ષથી સતત શિક્ષણ અને સેવા ક્ષેત્રે માત્ર લોક સહયોગથી અવિરતપણે કાર્ય કરી રહેલ "શિશુવિહાર" સંસ્થાએ વર્ષ ૨૦૨૨-૨૩ માં કરેલ કામગીરી અંગેનો અહેવાલ વાંચી ખરેખર હર્ષની લાગણી અનુભવું છું.

આપની સંસ્થા દ્વારા શહેરની અને દેશની વિવિધ સંસ્થાઓના સહયોગથી ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ જેવીકે આરોગ્ય શિબિર, આપત્તિ નિવારણ તાલીમ તેમજ શૈક્ષણિક સાધન સહાય જેવી કુલ ૧૭૦ શિબિરનાં માધ્યમથી ૧૮૮૫૨ વિદ્યાર્થીઓએ લાભ લઈ પાયાની કેળવણી પ્રાપ્ત કરેલ છે, જે ખુબજ પ્રશંસનીય અને સમાજ હિતનું ઉમદા કાર્ય છે જેને હું હૃદય પૂર્વક બિરદાવું છું.

આપ અને આપની સંસ્થા આવા જ સમાજલક્ષી તેમજ શહેર અને દેશ હિતનાં કાર્યો સતત કરતા રહો તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા અને આભાર સહ....

એન. વી. ઉપાધ્યાય (I.A.S.)

- **શ્રી દીપકભાઇ દોશી (તંત્રી નવનીત સમર્પણ –મુંબઇ)**

શિશુવિહાર સંસ્થાને દર્શક સન્માનથી પુરસ્કૃત કરવા મળ્યુ. તે માટે હાર્દિક અભિનંદન. શિશુવિહારથી પ્રારંભાયેલ સેવા જ્યોતને નવનીત સમર્પણમાં સ્થાન આપતા આનંદ અનુભવુ છું. અભિનંદન.

- **અશ્વિનભાઇ કારીયા (પાલનપુર)**

પ્રાકૃતિક આરોગ્ય વિષયે બાળ પુસ્તકાલયનું વિતરણ ત્યાર બાદ વિદ્યાર્થીઓએ વાંચેલ પુસ્તકો અને શિક્ષકોના માર્ગદર્શનથી તૈયાર થયેલ બાળ ચિત્રો એક સરાહનીય પ્રારંભ છે. ધન્યવાદ કેલેન્ડરમાં વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ ગૌરવવંત છે.

- **શ્રી યશવંતરાય પડીયા (સિહોર)**

શિશુવિહારના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાયો વડીલ વંદના કાર્યક્રમ નવી અને જૂની પેઢી વચ્ચે સાંકળરૂપ બને છે. વૃદ્ધો અને વૃદ્ધાવસ્થાની સારવાર કરનાર કોઈ હોતુ નથી નિરાધાર છતાં માણસોએ ટકી રહેવું પડે છે. જે સામાજિક વાસ્તવિક્તા છે. પૂજ્ય માનભાઈ ભટ્ટએ વર્ષ ૧૯૭૯માં સ્થાપેલ વૃદ્ધાશ્રમ વિચાર પણ સરાહનીય છે.

- **શ્રી હરીશભાઇ બ્રહ્મભટ્ટ (હોલી ચાઇલ્ડ સ્કૂલ-હાલોલ)**

પુસ્તક 'સમાજ વિકાસ અને વિકલ્પ' મળ્યુ. મોકલી આપવા બદલ આભાર ! સમાજ જીવનને સ્પર્શતા વિવિધ વિષયો ઉપરના વિચારપ્રેરક લેખોના સમાવેશ થકી આ પુસ્તક લોક જાગૃતિ અને લોક શિક્ષણનું કાર્ય કરી શકે તેવુ સરસ તૈયાર થયું છે. ચોતરફ 'વિકાસ'ના ઉહાપોહમાં નક્કર અને માનવજીવન માટે શ્રેયકર વિકાસની વિભાગવના પુસ્તકમાં સમાવાયેલ લેખોમાં જોવા મળે છે. અભિનંદન !

આપનું "શિશુવિહાર સામયિક અમોને નિયમિત મળે છે. જેમાં સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓના અહેવાલ જોવા મળે છે."

- **પ્રા. દલપતભાઇ પરમાર - લોક નિકેતન – રતનપુર (ઉત્તર ગુજરાત)**

આવતીકાલના ભારતને બેઠું કરવા માટે જ નહીં દોડતું કરવા માટે આપના પ્રયાસો વંદનીય છે. ધાવણની ભાષા, માતૃભાષાનાં સંવર્ધનનો સંસ્કારી સાહિત્યનો સમાજને આસ્વાદ કરાવવો, બાળકો, યુવાનોની ફુવારા ઉડાડતી શક્તિઓને સર્વાંગી કેળવણી તાલીમ દ્વારા કલ્યાણકારી માર્ગે વાળવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ, જીવન શિક્ષણની તાલીમ એટલું જ નહીં, બહેનો, વડીલો પણ સન્માનપૂર્વક જીવી શકે તે માટે તેમને મદદરૂપ થવાની પ્રવૃત્તિઓ અનેકોને માટે પ્રેરણારૂપ છે. આજના સમયમાં સદવિચારની પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ નિહાળી પૂજ્ય સ્વ.માનભાઈનો જીવડો કેટલો રાજીપો અનુભવતો હશે.

- **શ્રી સિતારામભાઇ અગ્રાવત (એક્સલ પરિવાર - ભાવનગર)**

આરોગ્યતપાસ અને જીવન જરૂરી પ્રશિક્ષણ સાથે પ્રોત્સાહિત કરવા માટે આ બધુ ભવિષ્યના નાગરિક બનીને, સમાજ માટે રાષ્ટ્ર માટે ઉત્તમ કાર્ય કરી કેમ ઉપયોગી થવાય તેનું ફક્ત વાતોથી નહિં પણ પ્રત્યક્ષ ઉદાહરણ આપી, સમર્પણ ભાવ શીખવતી આ શિશુવિહાર સંસ્થા અને આવા જ ઉત્તમ કાર્યો કરતી અન્ય સંસ્થાઓને ખુબ આનંદ અને સંતોષભરી લાગણી પૂર્ણ નમસ્કાર.

- **શ્રી હેતલબેન ઓઝા – સંગીતાબેન છાયા**
  **(આંગણવાડી કાર્યકર - ભાવનગર)**

શિશુવિહાર દ્વારા ચાલતા પૂર્વ પ્રાથમિક સંવર્ધન કાર્યક્રમ હેઠળ અમારી

આંગણવાડીના બાળકોને બસમાં સંસ્થા સુધી લાવવામાં આવ્યા. બાળકોને ગમતો નાસ્તો થેલીમાં મુકીને આપવામાં આવે છે. બાળકોએ રંગપર્ણિ કરેલ ચિત્રોને તેના પપ્પા-મમ્મી માટે ઘરે લઈ જવા આપ્યા. તે કેટલી મોટી વાત છે. અમારાં બાળકોને ખુલ્લાં મેદાનમાં હિંચકા-લપસયામાં રમવાની ભારે મજા આવી. અમને શિક્ષકોને પણ બાળ અભિનય પ્રવૃત્તિઓમાંથી કંઈ વધુ શિખવા મળ્યુ છે. ભાવનગર શહેરની આંગણવાડીમાં આવતાં બાળકોને તાલિમ આપવાનો સંસ્થાનો પ્રયત્ન અન્ય સંસ્થાઓને પણ પ્રેરણા આપે છે.

- **અનુપમભાઇ દોશી - રાજકોટ**

આપણા સૌના પ્રેરણાદાયી સ્વ.શ્રી માનભાઈ ભટ્ટના જન્મ દિવસ નિમિત્તે વંદન માત્ર ભાવનગર સૌરાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના સેવા જગતમાં જેમનું નામ આદરપૂર્વક લેવાય છે, તેઓ સાચા અર્થમાં માનવસેવાના ભેખધારી અને પ્રખર લોકસેવક હતા, જેઓએ પોતાની જુવાની અને જિંદગી સેવા પ્રવૃત્તિમાં ખર્ચી નાખેલી, જેની રગેરગમાં અને પ્રત્યેક ધબકારામાં સમાજ સેવા જોવા મળતી તેવા ભાવનગરના પનોતાપુત્ર અને સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સેવા સંસ્થા સેવાતીર્થ શિશુવિહારના સ્થાપક અને સંવર્ધક પૂજ્ય માનભાઈ ભટ્ટ ભાવેણાનું ઘરેણુ હતા. આજે સ્વર્ગસ્થના જન્મ દિવસ નિમિત્તે વિવેકાનંદ યુથ ક્લબ અને દિકરાનું ઘર – ઢોલરા પરિવાર હૃદયપૂર્વક વંદન કરીએ છીએ અને એમના આશિર્વાદ અમને અમારી સેવા પ્રવૃત્તિમાં હરહંમેશ મળતા રહે....

- **નટવર આહલપરા, રાજકોટ**

નમસ્કાર સર, કરુણા ટોકમાં શિશુવિહારની વાત સાંભળી ગૌરવપૂર્ણ અનુભૂતિ થઈ. આપે સહજ રીતે શિશુવિહારના ઉદ્ભવ, વિકાસ અને પરંપરાની વાત કરી હતી. અહીં ડેટાબેઈઝની જરૂર જ નથી. માનદદાનું સિંચન આજે વડવાઈ નહીં પણ વડલો બની ગઈ છે. માનદાદાને શત શત વંદન, આપને વડલાની જાળવણી માટે ખુબ ખુબ અભિનંદન.

- **શ્રી કુસુમબેન દવે – અમેરિકા**

શિશુવિહારનો નેત્રયજ્ઞ નદીના પ્રવાહની જેમ વરસોથી એકધારો વહ્યા કરતો જોઈને દાતાઓના વિશ્વાસને અને તમારી બધાની નિસ્વાર્થ સેવાભાવના અને અથાક પરિશ્રમને લાખો સલામ. માનભાઈ કહેતા નેત્રયજ્ઞથી દર્દીઓની આંખ સારી થાય છે પરંતુ નેત્રયજ્ઞમાં સેવા કરનારની વિચારદ્રષ્ટિ સારી થાય છે. જે વધુ અગત્યનું બને છે. જે જ્યોત અવિરત છે તેનો આનંદ છે.





## સ્વરાજ્યની શાળા
## શિશુવિહાર
### વર્ષ-૧૯૯૩ પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)



## જાન્યુઆરી

• બાલદેવન સ્થાપનાની પ્રથમ વર્ષગાંઠે ભાવનગર શહેરનાં તમામ બાલમંદિરનાં બાળકોએ બાલદેવનમાં બાલોત્સવ ઉજવ્યો. મોટી સંખ્યામાં શિક્ષકો વાલીઓએ હાજરી આપી. • શિશુવિહાર કાર્યાલયના પ્રકાશન વિભાગની જૂની ડાયરીથી ખ્યાલ આવ્યો કે, શ્રી મોંઘીબેન બધેકા બાલમંદિરની સ્થાપના તારીખ ૨-૧-૫૨ છે. હવેથી આ દિવસે બાલદેવો ભવનો ઉત્કૃષ્ટ વિચાર વધુ વિસ્તરે તે માટે સંસ્થા પ્રયત્નશિલ રહેશે. • સંસ્થાના પરમ સ્નેહી માર્ગદર્શક શ્રી જુગતરામભાઈ દવેનું દુઃખદ અવસાન થયું છે. ગીજુભાઈ પછી બાળકોની વકીલાત કરનાર શિક્ષણવિદના સ્વર્ગવાસથી ગ્રામ શિક્ષણ વિચાર પાંખો પડ્યો છે. • સંસ્થા નેત્રયજ્ઞમાં રસોઈ સુવિધા પુરી પાડનાર શ્રી કરૂણાશંકરભાઈ જોષી હૃદરોગના હુમલામાં સ્વર્ગવાસી થયા છે. સેવાના ભેખધારીના આત્માની ચિરશાંતિ માટે પ્રાર્થના. • જીવનને આનંદિત રાખવાના ઉપાય : આજે જે કામ કરી શકતા હો એને ક્યારેય કાલ પર ઠેલશો નહીં, તમે જાતે કામ કરી શકતા હોય તે ક્યારેય બીજા પર ઠેલશો નહીં. તમે જેટલું કમાયા હો તેનાથી ક્યારેય વધુ ખર્ચ કરશો નહીં. ખરેખર જેની અત્યંત જરૂર ન હોય તે વસ્તુ ક્યારેય ખરીદશો નહીં. ભલે તે વારસામાં મળતી હોય. ગુસ્સો આવે ત્યારે કંઈ પણ બોલતા પહેલા મનમાં દસ ગણી કાઢજો અને બહુ વધારે ગુસ્સો હોય તો પુરા સો ગણી નાખજો. ભૂખ અને તરસ કરતા આત્મ સંતોષને વધુ મહત્વ આપજો. કોઈ પણ કામ હાથમાં લો તો પૂરતું આયોજન કરજો. કોઈપણ કામ કેટલી ઝડપે પૂરું કર્યું છે એના કરતા કેવી રીતે પૂરું કર્યું છે એ વધારે અગત્યનું માનજો. કોઈ પણ કામ કરો તો સ્વૈચ્છાએ કરજો, તો એ અઘરૂ નહીં લાગે. તમારું કામ કરનારની કદર કરતા શીખજો, તો તમારા કામની કદર થશે.

: થોમસ જેફર્સન

## ફેબ્રુઆરી

• માસ દરમ્યાન ૯ પૂણ્યાત્માઓનાં ચક્ષુદાન મળ્યાં છે. જે થકી ૧૮ અંધજનોને પુનઃરોશની મળશે. વર્ષ-૧૯૯૨ના અંત સુધીમાં સંસ્થાના દેહદાન યજ્ઞમાં ૨૦૮ સ્વર્ગવાસીઓએ શરીર દાન આપી નવી પેઢીની અપ્રતિમ સેવા કરી છે. • પ્રજાસત્તાક પર્વ પ્રસંગે સવારે ૭-૩૦ કલાકે શ્રી બળવંતરાય એ. ભટ્ટના વરદ હસ્તે ધ્વજ વંદન થયું. ૪૧ મા ગણતંત્ર પર્વ પ્રસંગે તેઓએ સંસ્થા પરિવારને શુભેચ્છા પાઠવી હતી. • ભૂવનેશ્વર (ઓરીસ્સા)માં યોજાયેલ નેશનલ ઈંટીગ્રેશન શિબિરમાં ક્રિડાંગણના ૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. • શિશુવિહાર સંસ્થાના સ્થાપક સભ્ય શ્રી જયમલભાઈ યાદવની પ્રથમ પૂણ્યતિથીએ તેમના શ્રીમજીવી કાવ્યોની પુસ્તિકા ''ગીત હું કોના ગાઉ કોના નહીં'' નું પ્રકાશન થયું હતું. • સંસ્થાના આજીવન સેવક શ્રી ગોવિંદભાઈ ચૌહાણની ૧૦મી પૂણ્યતિથીએ તેમની અનન્ય સેવાને યાદ કરી ગોવિંદ ભવનના ઉપક્રમે બાળ ભોજન યોજાયું હતું. બુધસભાના ઉપક્રમે વરિષ્ઠ કવિ સન્માન અંતર્ગત શ્રી રંજનભાઈ જોષી અને કવિશ્રી મુકબિલ કુરેશીનું અભિવાદન થયું. આ પ્રસંગે તેમના ગઝલ સંગ્રહ 'ચમકારા' અને 'ગુલઝાર'નું વિમોચન પણ થયું હતું. • શ્રી નંદલાલ મણિશંકર પંડ્યાના સ્મરણાર્થે કાયમી નેત્રયજ્ઞ માટે તેમના પુત્ર શ્રી સુરેશભાઈ તરફથી રૂા. ૨૫ હજારનું દાન મળલે છે. • ભાવનગરના જાણીતા ઉદ્યોગ 'ઈશ્વર સ્નફ' પરિવારનાં શ્રી નર્મદાબેનની સ્મૃતિમાં ૩૨મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૪મીએ યોજાયો. • તારાબેન મોડકની જન્મ શતાબ્દી વર્ષ પ્રસંગે બાલમંદિરના બાળકોની વાલીસભા મળી હતી. • શિશુવિહાર સંસ્થાના શુભેચ્છક શ્રી કાલિદાસ ત્રિભોવનદાસ વ્યાસનું ૮૫ વર્ષે સ્વર્ગવાસ થયું છે. એક સંનિષ્ઠ પોલીસ અધિકારી તરીકે નિષ્ઠાવાન અને થીયોસોફીકલ વિચાર સાથે જોડાયેલ શ્રી કાલિદાસભાઈ ભાવનગરની છેલ્લા શ્વાસ સુધી સેવા કરતા રહ્યા હતા. • ગોસળીયા કલાકેન્દ્રમાં એલીમેન્ટ્રી અને ઈંટર મિડીએટ ડ્રોઈંગની તાલિમ મેળવી ૨૬ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. બુધસભા ઉપક્રમે વડોદરા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી માર્કંડ ભટ્ટનું વ્યાખ્યાન યોજાય ગયું. • નોયડા દિલ્હી ખાતે યાજાયેલ નેશનલ જંબોરીમાં શિશુવિહાર ક્રિડાંગણના ૭ રોવર્સ જોડાયા હતા. શ્રી અમૃતભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સ્કાઉટ તાલિમાર્થીઓએ ૮ પુરસ્કાર મેળવ્યા હતા. દિવ્ય જીવન સંઘ દ્વારા યજ્ઞ ભુવનમાં પ્રા.ડૉ. રક્ષાબેન દવેની વ્યાસપીઠે રામરક્ષા સ્તોત્રનું પઠન યોજાયું. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ.ગાયત્રી પ્રસાદ ભટ્ટના અધ્યક્ષસ્થાને તથા પ્રા.ડૉ. કિશોરકાન્ત શુકલની સ્મૃતિમાં યોજાયેલ પાંચમા જ્ઞાનયજ્ઞમાં ભાવકો જોડાયા હતા.

## એપ્રિલ

• દાઠા મહાજન સંઘ દ્વારા શિશુવિહારમાં નેત્રયજ્ઞ યોજાયો. ગ્રામ પંચાયતના સહકારથી યોજાયેલ નેત્રયજ્ઞમાં ૨૦૦ દર્દીઓને તખ્તસિંહજી સિવિલ હોસ્પિટલના સર્જન ડૉ. જાડેજાએ સેવા પ્રદાન કરી હતી. • બુધસભાના ઉપક્રમે કવિશ્રી તનસુખભાઈ ઓઝાનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું. ભૂકંપ, તાંડવ, પાયલ, પગદલ અને ચંદ્ર નામે કાવ્ય સંગ્રહો આપનાર પૂર્વ આચાર્ય કવિ શ્રી ઓઝાના અભિવાદનમાં હરિભાઈ ચૌહાણ, તખ્તસિંહ પરમાર તેમજ કિસ્મત કુરેશીએ તનસુખભાઈના સાહિત્ય પ્રદાન વિષયે સંબોધન કરેલ. • સેંટ જ્યોન એમ્બ્યુલન્સ એસોસીએશનના ઉપક્રમે શિશુવિહારમાં ખાસ બહેનો માટે ફર્સ્ટેઈડ તાલિમ યોજાઈ જેમાં ડૉ. પ્રકાશભાઈ ભટ્ટએ ૩૪ બહેનોને તાલિમ બધ્ધ કર્યા હતા. આનંદ મંગળ મંડળના સભ્ય શ્રી પ્રભુભાઈ પટેલ શિશુવિહાર સંસ્થામાં કુશળ સુથાર તરીકે જીવન પર્યંત સેવાર્થી રહ્યા હતા. • સંસ્થાના શુભેચ્છક સહાયક અને મુંબઈની પ્રસિદ્ધ પામ બિચ હાઈસ્કૂલના સ્થાપક શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીનું સ્વર્ગવાસ થતાં સંસ્થાએ બે સાથીઓ ગુમાવ્યા છે. • ફાગણ પૂર્ણિમાએ સંસ્થા પ્રાંગણમાં ક્રિડાંગણ અને દિવ્ય જીવન પરિવારના સભ્યોએ પારંપરિક રીતે હોળી પર્વ ઉજવ્યું હતું. • શિશુવિહારના પ્રેસિડેંટ સ્કાઉટ શ્રી મુકેશભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં શહેરની ૯ શાળામાં ૩૬૦ સ્કાઉટ-ગાઈડ માટે દિક્ષા સમારોહ યોજાયો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી વિનોદભાઈ રવાણીની વિશેષ ઉસ્થિત રહી.

## મે

• ઉત્પાદન વધે, ખેતી સુધરે એ બધું કરવાનું છે. પણ પાયાનું કામ ભાઈચારો વધે એ છે. તેના વિના બીજુ બધુ નકામુ ગામમાં રહેતા બધાને એક કુટુંબ જોવા ગણી આગેવાનો વર્તે, તો જે સુખ મળશે તેનું વર્ણન થઈ શકે તેવું નથી. તેની મીઠાશ જરા એકવાર ચાખી તો જુઓ !! બહુ બોલતા આવડે તેને આપણે વિદ્વાન કહીએ છીએ. પણ આચરતા આવડતું હોય, તો જ જ્ઞાની કહી શકાય. વિદ્વાન ઉપરથી દેખાય અને અંદરથી દેખાય એ જ્ઞાની. એક સૂત્ર આપણે યાદ રાખવાનું છે. કામ આપણા હાથમાં આવ્યું તેને ભક્તિપૂર્વક એકનિષ્ઠાથી કુશળતાપૂર્વક મન દઈને કરવું, આવું કામ કરનાર કોઈ દિવસ પોતાના કાર્યમાં નિષ્ફળ જતો નથી. નાનપણથી સારી ટેવો પાડવાની જરૂર છે સુટેવો એટલે જ ઈન્દ્રીયોનો સંયમ. ઘસાઈને ઉજળા કરે છે. બીજાના ખપમાં આવીએ જગતનું ભલુ કરીને જીવે તે ઊંચો. માણસે કરેલા કર્મ તેણે અવશ્ય ભોગવવા પડે છે. દુઃખ વહેંચવાથી ઘટે છે.

સુખ વહેંચવાથી વધે છે : **- પૂ. રવિશંકર મહારાજ**

• આભાર પત્ર : પ્રિય માનભાઈ. મને કાયમી ફંડમાં નાણા રોકીને તેના વ્યાજની રકમમાંથી થોડુ કામ થાય તેમાં રસ નથી. કાલની કોને ખબર ! તેથી આ સાથેના ૫૧૦૦૦ લોક કલ્યાણના કાર્યમાં જલ્દીથી વપરાય જાય તે જોશો. તમે વરસોથી સમાજ સેવા કરો છે ધન્યતાને બીરદાવવા મારી પાસે શબ્દ નથી. તમને રૂબરૂ મળવાની પણ ભાવના છે **- ચુનુભાઇ સી. શાહ — મુંબઇ**

## જુન

• શ્રી બજરંગદાસ બાપા રમકડાં ઘરમાં ૩૧૪ બાળકો રમવાં આવેલ. શ્રી શિલાબેન કૌશિકભાઈ ચાતુર્વેદી તરફથી રૂા. ૨૦૧ ની સહાય મળી છે. • માસ દરમ્યાન ૬ મુમુક્ષોનાં ચક્ષુદાન મળ્યાં છે. ડૉ.પી.આર.મુંજપરા દ્વારા થયેલ કાર્નિયોગ્રાફી સર્જરી દ્વારા (૧) પિન્ટુ બીપીનગીરી ગોસ્વામી ઉંમર-૧૭ (૨) દલપત મનસુકભાઈ રાવળ ઉંમર ૨૮ને દ્રષ્ટિદાન મળ્યું છે. • જાણીતા સર્વોદય કાર્યકર શ્રી અરુણભાઈ ભટ્ટ દ્વારા ભાવગીત તાલિમ યોજાઈ. જેમાં ૪૦ રસિકો જોડાયા હતા. રાજુભાઈ દવેએ તબલા ઉપર તથા દર્શકભાઈ ઓઝાએ હારમોનિયમ ઉપર સંગત કરી હતી.

## ઉનાળાની રજાઓમાં યોજાયેલ ગ્રીષ્મ તાલીમ વર્ગ

| તાલિમ પ્રકાર | શિક્ષક | ભાગ લેનાર વિદ્યાર્થીઓ |
|---|---|---|
| ફેબ્રિક પેઈંટીંગ | ભરતભાઈ પંડ્યા | ૫૬ |
| બાળ ચિત્ર તાલિમ | ભરતભાઈ પંડ્યા | ૧૩૦ |
| હસ્ત ઉદ્યોગ કૌશલ્ય | ભાવેશ પરમાર | ૧૦૦ |
| સિવણ તાલિમ | ભાવેશભાઈ પરમાર | ૩૦ |
| હસ્ત ઉદ્યોગ તાલિમ | ઈન્દાબેન ભટ્ટ | ૭૨ |
| નૃત્ય વર્ગ | તૃપ્તિબેન જાની | ૩૦ |
| અંગ્રેજી વ્યાકરણ | ચંદુભાઈ રાજ્યગુરૂ | ૮૦ |
| બાલદેવવન સુવિધા | અજયભાઈ ભટ્ટ | ૮૦૦ |
| સ્કાઉટ તાલિમ | અમૂલભાઈ રાવલ | ૫૦ |
| પ્રકૃતિ પ્રવાસ | નેહાબેન ભટ્ટ | ૫૦ |
| પ્રાથમિક સારવાર | ડૉ.પ્રકાશભાઈ ભટ્ટ | ૨૪ |
| રમકડા ઘર | મંદાબેન ભટ્ટ | ૩૮ |



શ્રધ્ધાંજલી : સંસ્થાના આજીવન સભ્ય અને સંસ્થા પત્રિકાના પ્રિન્ટર શ્રી શાંતિભાઈ પારેખના સ્વર્ગવાસે સંસ્થા પરિવારને એક નિડર પર દુઃખભંજક સેવકની ખોટ પડી છે.

## જુલાઈ

• બુધસભાના ઉપક્રમે કવિશ્રી નાથાલાલ દવે પારિતોષિક પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજીભાઈને અર્પણ થયું. ડૉ.પુરૂષોત્તમ ગણેશ માવલંકર તથા પ્રા.ડૉ. જયેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે તખ્તસિંહજીભાઈનું અભિવાદન ગુજરાતી સાહિત્ય જગત માટે પ્રેરણાદાઈ રહ્યું. જાણીતા કથાકાર શ્રી કમલાબેન ઠક્કરના સહકારની કથા કાવ્ય ગાન સ્પર્ધા યોજાઈ. જેમાં ૨૦૦ પંક્તિમાં છંદ કાવ્ય પ્રસ્તુત કરવાનું હતું. આ સ્પર્ધાના વિજેતા શ્રી કિસ્મતભાઈ કુરેશી, શિશિર મહેતા, તનસુખભાઈ મહેતા તથા રજનીકાન્ત પંચોળીને યુનિવર્સિટીના કુલપતિ શ્રી જયેશભાઈ દેસાઈના વરદ હસ્તે પુરસ્કૃત કરાયા. આ પ્રસંગે શ્રી કિસ્મતભાઈ કુરેશીના ૨૭મા પુસ્તક 'રુખસત'નું વિમોચન ડૉ. વિષ્ણુરામ ત્રિવેદીના વરદ હસ્તે થયું.

## ઓગસ્ટ

• પ્ર.ત્રિવેદીને શિશુવિહારની શ્રદ્ધાંજલિ : શિશુવિહાર પરિવારના પ્રેરણાસ્ત્રોત, સક્રિય માર્ગદર્શક અને ગુજરાતના નિષ્ઠાવાન કેળવણીકાર શ્રી પ્રા.ત્રિવેદી (શ્રી પ્રભાશંકર કેશવજી ત્રિવેદી)ના દેહાવસાન તા. ૨૭-૭-૯૩ની દુઃખદ નોંધ લેતા સંસ્થા ઉંડા શોકની લાગણી અનુભવે છે. તેઓની વિદાયથી રાજ્યની અનેક શિક્ષણ સંસ્થાઓને એક મહાન કેળવણીકારની ખોટ પડી છે. તેઓ ગુજરાતને ઉદાત્ત શિક્ષણનાં અમૂલ્ય સાહિત્યનો વિપુલ વારસો આપી ગયા છે. તેઓનું પવિત્ર જીવનકાર્ય આગળ ધપાવવાની પ્રભુ સૌને પ્રેરણા આપે, તથા સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના છે. • શિશુવિહારના પ્રકાશનો : પુરૂષાર્થ પાઠવલી : આ પુસ્તકની પાંચમી આવૃત્તિ હમણા જ છપાયેલ પરંતુ તરત જ ખલાસ થઈ જતાં છઠ્ઠી આવૃત્તિ ગયા માસમાં બહાર પડેલ છે. અત્યાર સુધીમાં આ પુસ્તકની કુલ દસ હજાર પ્રતો થઈ છે. નિવૃત્તિકાળ : 'પ્રબુધ જીવન'ના તંત્રી શ્રી રમણલાલ ચી. શાહના પુસ્તક નિવૃત્તિકાળની માગ ખુબ વધી જવાથી તેની બીજી આવૃત્તિ છપાવી છે. આ પુસ્તકની કુલ ચાર હજાર પ્રતો થઈ છે. પત્રિકાઓ : • જુલાઈ ૧૯૯૩ માં લોકોપયોગી ૪ પત્રિકાઓ છપાવી તેનો વિનામૂલ્યે પ્રચાર કરેલ છે. આ પત્રિકાના નામ છે : (૧) ભલા થઈને ભૂંડા બોલશો

નહીં. (૨) સુખ મેળવવું તમારા જ હાથમાં છે. (૩) હસ્તકલા ઉદ્યોગ (૪) પ્રતિજ્ઞા કરૂં છું કે,.... આપને પણ જો કોઈ લોકશિક્ષણની અને જનકલ્યાણની પત્રિકા તૈયાર કરીને તેનો નિસ્વાર્થ સેવા ભાવે પ્રચાર કરવો હોય તો શિશુવિહાર સંસ્થાનો સંપર્ક સાધવા વિનંતી છે.

## સપ્ટેમ્બર

• શ્રી શાંતિલાલ શાહ તથા શ્રીમતી શાંતાબેન શાહ ટ્રસ્ટના આર્થિક સહયોગથી સંસ્થામાં રચના હોબી સેન્ટરનો પ્રારંભ થયો છે. જ્યાં બાળકોને નિત્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ આપવામાં અપાશે. કેળવણી વિચારમાં મહાત્મા ગાંધી પણ નોંધે છે ‘‘બાળકની કેળવણીનો આરંભ તેને કોઈ ઉપયોગી હસ્ત ઉદ્યોગ શીખવીને થાય છે કંઈક નવું સર્જન કરવાનું શીખવીને બાળ તાલિમ શરુ કરો. • ‘‘ સરદાર સરોવર ડેમ કેવડીયા’’ ખાતે યોજાયેલ આંતર ભારતી પર્યાવરણ શિબિરમાં શિશુવિહાર સંચાલિત વિવેકાનંદ રોવરટુપમાં ૮ સ્કાઉટ જોડાયા હતા. • મહારાષ્ટ્ર રાજ્યના લાતુરમાં ભૂકંપ દુર્ઘટનામાં સહાય અર્થે શિશુવિહારે રેડક્રોસના માધ્યમથી રૂા.૧૧૦૦ની તત્કાલ સહાય પહોચાડી. • ૩૪મો નેત્રયજ્ઞ યોજાયો. ઉર – આશા ઝવેરી ફાઉન્ડેશન યોજિત નેત્રયજ્ઞનો લાભ ૮૦૦ થી વધુ જરૂરીયાતમંદ દર્દીઓએ લીધો હતો.

## કવયિત્રી ભાગીરથીબહેનને બુધસભાની શ્રદ્ધાંજલિ

શિશુવિહાર બુધસભાની શરૂઆત થઈ ત્યારથી જે કવિઓ, લેખકો, સર્જકો અને સાહિત્યપ્રેમી સાધકો તેમાં સક્રિય રસ દાખવીને આ પ્રવૃત્તિ સાથે કાયમ સંકળાયેલા રહ્યા છે, તેમાં કવિશ્રી નાથાલાલભાઈના બહેન કવયિત્રી શ્રીમતી ભાગીરથીબહેન મહેતા પણ ખરાં જ. ૭૭ વર્ષની વયે (તા.૨૫-૯-૯૩) તેઓના દેહાવસાનથી ગુજરાતને એક સારા કવયિત્રી અને ઉત્તમ સાધકની ખોટ પડી છે. તેઓના ‘કસ્તુરી’ કાવ્ય સંગ્રહનું તથા ‘સ્ત્રી સંતરત્નો’નું વિમોચન થયું હતું. ભાગીરથીબહેન જ્યારે નવું ગીત, ભજન કે કાવ્ય લખે ત્યારે પ્રથમ બુધસભામાં મૃદુ સ્વરે અવશ્ય રજુ કરતાં. તેઓ સારવાર માટે ભાવનગર છોડીને તેમના સુપુત્ર સ્ટેટ ફર્ટીલાઈઝર કંપનીના ડાયરેક્ટર શ્રી મુનિકુમારભાઈને ત્યાં વડોદરા ગયા તે પહેલા છેલ્લી વખત બુધસભામાં આવીને પોતાના હસ્તાક્ષરે લખેલ છેલ્લુ ભજન રજુ કર્યું હતું. તેઓનાં આ આખરી ભજનમાં પ્રભુના દર્શન માટેની સાચા સાધક કવિની ઝંખના ભરેલી જોવા મળી. આ છેલ્લુ ભજન વાંચીને તેઓને શ્રદ્ધાંજલિ આપીએ.



**હંસા તો એકલા જાશે : ભાગીરથી મહેતા**

ખાલી આ ખોળિયુ થાશે. હંસા તો એકલા જાશે :
હંસા તો એકલા જાશે. ખાલી આ ખોળીયુ થાશે.
ધનદોલલતને માલખજાના, અહીંના અહીં જ રહેશે :
પલકમાં પારખું થાશે, હંસા તો એકલા જાશે.
પ્રીતમજીને પ્રેમથી મળશુ. શરણે જઈને નેહે નમશું. :
રાજી રાજી હૃદયા થાશે, હંસા તો એકલા જાશે.
સફર તેડા શ્યામે મોકલ્યા.... મે હરખીને ઝીલ્યાં :
પ્રભુજી મને પાંખમાં લેશે, હંસા તો એકલા જાશે.

• ન્યાલચંદભાઈ વકીલની પૂણ્ય સ્મૃતિમાં ૧૭ મો વૃધ્ધજન સન્માન સમારોહ યોજાય ગયો. ઉપસ્થિત ૭૫ કે તેથી વધુ વયના ૧૫૦ વકીલોનું ફુલથી સ્વાગત થયું હતું. ક્રિડાંગણના વિદ્યાર્થીઓએ ‘દાદા ચાલો હુતુતુ રમવા’ ગીત પ્રસ્તુત કર્યું હતું. તમામ વડીલોને શ્રી અશોકભાઈ ત્રિવેદી પરિવાર તરફથી મિઠાઈનું પેકેટ તથા લાખણકા દરબાર શ્રી બહાદુરસિંહ તરફથી રૂા.૫૦૧નું કવર અપાયું હતું.

## ડીસેમ્બર

• સંસ્થામાં ચાલતી નિયમિત પ્રવૃત્તિઓ : માસ દરમ્યાન મળેલ સદભાવભરી સ્વૈચ્છિક સહાય રૂા.૧૫૦૦૦ • બજરંગદાસબાપા રમકડા ઘર : લાભાન્વિત બાળકો ૩૮ : • ચક્ષુદાતા : ૭, અંધત્વ નિવારણથી લાભાન્વિતો : ૧૪, દેહદાન દાતાઓ : ૪ • સ્કાઉટ ગાઈડ તાલિમમાં નિયમિત આવતા વિદ્યાર્થીઓની સંખ્યા : ૮૨ • સંસ્થાના ક્રિડાંગણ મેદાન પાસે રૂા.૨૭૦૦૦ના ખર્ચથી પાણીનું પરબ તૈયાર કરવામાં આવેલ છે. • સંસ્થા રંગભૂમિ સામે ૮૦ બાય ૬૦ ફુટનો લોખંડનો શેડ તૈયાર કરવામાં આવેલ છે. બાવરનો ઉદ્યોગ નેત્રયજ્ઞ સિવાય પ્રવચન મેળાવડા શિબિરોમાં થશે. • રચના હોબી સેંટર તાલીમમાં ૪૭ બાળકો જોડાયાં છે. • સીવણ વર્ગમાં ૧૩ બેનો તથા રાત્રી વર્ગમાં ૨૫ ભાઈઓ તાલીમ મેળવી રહ્યા છે. • ૧૭ બહેનોએ સિવણ ડીપ્લોમા પરીક્ષા આપી પ્રથમ વર્ગથી ઉત્તિર્ણ થયાં છે. સંસ્થાના ઉપક્રમે ચાલતા ફર્સ્ટૅઈડ તાલિમ વર્ગમાં ૨૦૦ તાલિમાર્થીઓ જોડાયા હતા. • તદ્રુરૂપાનંદજી બાલદેવવનમાં ૫૯૬ બાળકો રમવા આવેલ. સંસ્થા સંગીત વર્ગના ૧૪ ભાઈ-બહેનો બૃહદ ગુજરાત સંગીત સમિતીની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે. • બજરંગદાસબાપા રમકડા ઘરમાં સભ્ય સંખ્યા ૨૪ રહી હતી. ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલયમાં ૧૧૮ સભ્યોએ પુસ્તકોની આપ-લે કરી હતી. • માસના પ્રત્યેક બુધવારે મળેલ બુધસભામાં ૪૭ કવી-કવયિત્રીઓએ પ્રસ્તુતિ કરી હતી. • બાલમંદિરનો સત્રાંત ઉત્સવ વાલીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સુચિપત્ર

| પુસ્તક | ₹ કિંમત |
| --- | --- |
| ૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હિન્દી) | ૧૫=૦૦ |
| ૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો | ૧૫=૦૦ |
| ૩. પુરૂષાર્થ પાઠાવલી | ૧૦=૦૦ |
| ૪. મા તે મા | ૧૦=૦૦ |
| ૫. સીવણ સમજૂતી | ૪=૦૦ |
| ૬. વસિયતનામાની અગત્યતા | ૧૫=૦૦ |
| ૭. વીજળી અને વપરાશ | ૧૦=૦૦ |
| ૮. પુત્રીજન્મ શુભેચ્છ કાર્ડ | ૫=૦૦ |
| ૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ | ૧૫=૦૦ |
| ૧૦.ચાલો ગાઈએ | ૧૫=૦૦ |
| ૧૧.શિશુવિહારના વડલાની વાતો | ૧૫=૦૦ |
| ૧૨.હાથે લ હૈયે મીણ | ૫૦=૦૦ |
| ૧૩.બાલ આરાધના સુખ એટલે દિલોજાન દોસ્ત | ૧૨=૦૦ |
| ૧૪.શિક્ષણ પરિસ્થિતિ અને ઉપચાર | ૨૦=૦૦ |
| ૧૫.વ્યવહારૂ સુચન (૯૯ સુચન) | ૧૦=૦૦ |
| ૧૬.અવૈધિક શિક્ષણની મહાશાળા | ૧૦=૦૦ |
| ૧૭.સાઈકલ સંભાળ | ૧૦=૦૦ |
| ૧૮.ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ૨૫=૦૦ |
| ૧૯.શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧૦ બુક) | ૨૦=૦૦ |
| ૨૦.સૌના ભાઈ માનભાઈ | ૫૦=૦૦ |
| ૨૧.ડિપ્રેશનને જાણો | ૧૫=૦૦ |
| ૨૨.બાલ આરોગ્ય સુત્રો | ૨=૦૦ |
| ૨૩.શિશુવિહાર સંકલ્પ યાત્રા | ૨૫=૦૦ |
| ૨૪.માનવજીવન અને પ્રાકૃતિક સારવાર તથા માટીનાં ઉપચારો | ૧૦=૦૦ |
| ૨૫.લક્ષ્મણ જેવો ભાઈ | ૧૫=૦૦ |
| ૨૬. આયુર્વેદનું અધ્યાત્મ | ૧૫=૦૦ |
| ૨૭.બાબુનું બાળપણ | ૨૫=૦૦ |
| ૨૮.અધિકૃત ભાવોદ્ગાર | ૨૫=૦૦ |
| ૨૯.ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી સંદર્ભ બદલાવ, દશા અને દિશા | ૨૦=૦૦ |
| ૩૦.જાહ્નવી | ૩૫=૦૦ |
| ૩૧.નિરક્ષીર | ૫૦=૦૦ |
| ૩૨.આંખની સંભાળ | ૧૦=૦૦ |
| ૩૩.પ્રવૃત્તિ શિક્ષણ | ૩૦=૦૦ |
| ૩૪.અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા | ૪૦=૦૦ |
| ૩૫.શુભેચ્છકો લખે છે | ૨૫=૦૦ |
| ૩૬.ચિદાનંદ | ૧૫=૦૦ |
| ૩૭.સૌની સેવામાં માનભાઈ | ૧૦૦=૦૦ |
| ૩૮.વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર | ૧૦૦=૦૦ |
| ૩૯.આકાશદર્શન | ૨૦=૦૦ |
| ૪૦. મજદૂર સે મહાજન (હિન્દી) | ૩૦=૦૦ |
| ૪૧. શિશુવિહાર નવચેતન | ૧૦૦.૦૦ |

## સાભાર સ્વિકાર

સ્વાતંત્ર્ય પર્વ તથા નવરાત્ર ઉત્સવના મેદાનમાં ક્રિડાંગણ તાલીમાર્થીઓની સુવિધા માટે ભાવનગરના જાગૃત નાગરિક શ્રી આરીફભાઈ કાલવા તરફથી દરિયાની માટી મળેલ છે. આખા મેદાનમાં પથરાયેલ પણો વર્ષભર ટકી રહે છે. સંસ્થા શ્રી આરીફભાઈ કાલવાનો આભાર માને છે.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: 'શિશુવિહાર'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઇન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA